અપીલ અરજી નં.૩૬૬/૩૮૩ તા.૩–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ડો.પંકજ જયંતિલાલ ગાંધી
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ડો.પંકજ જયંતિલાલ ગાંધીની તા. ૧૨–૧૦–૧૧ની અરજીથી ૩/૨૩૮૦ ની મિલ્કત તા.૯–૯–૧૦ ના રોજ દસ્તાવેજથી લીધેલ છે અને આ મિલ્કતના હાલના માલિક છીએ આ મિલ્કતમાં કોઈ ઈસમ ગેરકાયદેસર ઘુસી ગયેલ છે તો આ ઈસમને કોઈ પણ જાતનો પરવાનો સુરત મહાનગપાલિકામાં આપવામાં ન આવે તો આ અંગે મહાનગરપાલિકા તરફથી કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે તેની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૬૬/૨૦૧૧–૧૨ તથા તા. ૮–૧૧–૧૧ની **SMC/FAP/** નં.૩૮૩/૨૦૧૧–૧૨

શ્રી ડો.પંકજ જયંતિલાલ ગાંધીની તા. ૧૨–૧૦–૧૧ની અરજીથી ૩/૨૩૮૦ ની મિલ્કત તા.૯–૯–૧૦ ના રોજ દસ્તાવેજથી લીધેલ છે અને આ મિલ્કતના હાલના માલિક છીએ આ મિલ્કતમાં કોઈ ઈસમ ગેરકાયદેસર ઘુસી ગયેલ છે તો આ ઈસમને કોઈ પણ જાતનો પરવાનો સુરત મહાનગપાલિકામાં આપવામાં ન આવે તો આ અંગે મહાનગરપાલિકા તરફથી કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે તેની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ના પત્ર નં. સે.ઝોન / આરટીઆઈ/ આઉટ નં./ ૧૩૬૩ તા. ૨૪–૧૦ –૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા સાથે નકલ સહ વિગતો મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૧૦૫૮ તા.૧૨–૧૧–૧૧ થી** ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતી જણાવેલ ન હોઈ,ફી ભર્યાની વિગત સહ મોકલવા તથા મળેલ માહિતી અંગે મુળ અરજી સંદર્ભે નારાજગી આધાર સ્પષ્ટ કરવા તથા તેઓની નારાજગી માહિતી નહીં મળ્યા અંગે છે કે તકરાર નિવારણ માટે તે સ્પષ્ટ કરવા સાથે સદર અરજીની સાથે બીડવામાં આવેલ નમુનો–'એ' ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને જરૂરી કાર્યવાહી માટે મોકલવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ /આ.નં.૧૬૧૫ તા.૧–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૩૬૩ તા.૨૪–૧૦–૧૧ ના પત્રની નકલ, અરજદારનુ નમુના–એ ના ફોર્મની સાથે એનેક્ષર–એની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૮–૧૧–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૨–૧૦–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૧૩૬૩ તા.૨૪–૧૦–૧૧ થી " વોર્ડ નં.૩/૨૩૮૦ ની મિલ્કત અંગે વિકાસ પરવાનગી મેળવવા સેન્ટ્રલઝોન ખાતે અરજી રજૂ કરવામાં આવેલ નથી. તેમજ મિલ્કતમાં કોઈ ઈસમ ગેરકાયદેસર ઘુસી ગયેલ છે. આ ઈસમને કોઈ પણ જાતનો પરવાનો આપવામાં ન આવે તે અંગે સેન્ટ્રલઝોન કક્ષાએથી કોઈ પણ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હોવાનું રેકર્ડ પર ઉપલબ્ધ નથી." તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે તા.૩–૧૧–૧૧ ના રોજ તથા તા.૮–૧૧–૧૧ ના રોજ નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. જેમાં તા.૩–૧૧–૧૧ ના રોજ ગેરકાયદેસર/ખોટી રીતે ઈસ્યુ થયેલ ગુમાસ્તધારાનો પરવાનો રીન્યુ થયેલ છે તેવું જણાવેલ છે. જેમાં અરજદારે અપીલના મુદ્દા નં.(૧) એસએમસીના મિલ્કત વેરા મુજબ મિલ્કતમાં મહેશ કેમીકલના નામના ભાડુત છે. જેઓ સને ૧૯૮૨ થી દુકાન ચલાવતા આવેલ છે અને હાલના સને ૨૦૧૧–૧૨ ના રેકર્ડ મુજબ પણ તેઓ ભાડુત તરીકે બોલે છે. (પ્રોપર્ટી નં.૩/૨૩૮૦) ટેના નં.૦૩બી–૧૩–૦૬૮૧–૦–૦૦૨ મુદ્દા નં.(૨) આજ પ્રોપર્ટી (૩/૨૩૮૦) માં આપશ્રીના એસએમસીના ગુમાસ્તાધારા વિભાગ મુજબ શ્રી શ્રીજી કેમીકલ અને પ્રોવિઝન સ્ટોર્સ નામનું ગુમાસ્તાધારા લાયસન્સ ઈસ્યુ થયેલ છે જેની નોંધણી સીઝેડ/એસ/૩/૫૯૫૮ થી થયેલ હોવાનું શ્રી દારૂવાલા સાહેબના પ્રત્યુત્તરમાં જણાય છે. મુદ્દા નં.(૩) આપશ્રીના એસએમસી ખાતેના સીટી સીવીક સેન્ટર ખાતે મુકવામાં આવેલ કિયોસ્ક ઉપર તપાસ કરતાં જણાય છે કે સીઝેડ/એસ/૩/૫૯૫૮ નંબરનું ગુમાસ્તાધારા લાયસન્સ કોઈ પણ જાતનું ટેનામેન્ટ નંબર નથી ધરાવતું શું ટેનામેન્ટ નંબર વગર ગુમાસ્તાધારા લાયસન્સ ઈસ્યુ થઈ શકે? જો આ અરવિંદ રતીલાલ નામનો ઈસમ ભાડુત નથી કે જેનું કયાંય પણ મિલ્કત વેરામાં નામો નિશાન નથી તો પછી તેની પાસે કયા આધાર ઉપર

ગુમાસ્તાધારા લાયસન્સ આવ્યું? મુદ્દા નં.(૪) ઉપરોકત મિલ્કત ૩/૨૩૮૦ માં બે ટેનામેન્ટ નંબર છે જેમાં એક માલિકના નામે બોલે છે અને બીજો ભાડુત મહેશ કેમીકલ એન્ડ કાં. નામનો બોલે છે તો પછી શ્રીજી કેમીકલ અને પ્રોવિઝન સ્ટોર્સ કયા આધારે આવ્યુ.? આ સાથે નકલો બીડેલ છે. મુદ્દા નં.(૫) આવા ગેરકાયદેસર રીતે કે ખોટી રીતે મેળવાયેલ લાયસન્સ કેમ રદ નથી કરાતા તે જણાવશોજી. અને માલિક આવા ખોટા પ્રકારના ઈસમોથી હેરાન થઈ રહયા છે તો એસએમસી આ હેરાનગતી દુર કરવા શું પગલા ભરશે તો જણાવશોજી. મુદ્દા નં.(૬) કિયોસ્ક ઉપરની માહિતી બતાવે છે કે તા.૯–૯–૧૦ પછી એટલે કે અમારા માલિક બન્યા બાદ તા.૧૦–૨–૧૧ ના રોજ આ લાયસન્સ રીન્યુ થયું છે કયા આધારે લાયસન્સ રીન્યુ થયુ છે? તથા રીન્યુ થયા પછી પણ કેમ ટેનામેન્ટ નંબર આ ગુમાસ્તાધારાના લાયસન્સમાં બતાવતો નથી. મુદ્દા નં.(૭) હાલમાં ચાલતી દુકાનનું કેમ કોઈ નામ લખેલું પાટીયું /બોર્ડ દુકાન ઉપર મારેલું નથી તેમજ વારંવારની ફરીયાદ કરવા છતાં પણ કેમ એસએમસી ધ્વારા યોગ્ય પગલા આ સંદર્ભમાં લેવાયા નથી.? મુદ્દા નં.(૮) આપશ્રીના ઉત્તર મુજબ (સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૩૬૩) પરવાના અંગેની કોઈ પણ કાર્યવાહી આજ દિન સુધી કરવામાં કે હાથ ધરવામાં આવેલ નથી તો પછી કયા પુરાવઓના આધારે ગુમાસ્તાધારા લાયસન્સ ઈસ્યુ થયેલ છે તેમજ તા.૧૦–૨–૧૧ ના રોજ રૂા.૫૦/– રોકડા ભરીને રીન્યુ પણ થયું છે. તો આ બધુ કયા પુરાવાઓના આધારે કરવામાં આવ્યું છે. આ અંગેની સવિસ્તાર માહિતી પુરાવાઓ સાથે પૂરી પાડશો. પુરાવાનો ખર્ચ જે કંઈ પણ થાય તે ભોગવવા તૈયાર છુ.

અરજદારે તેમની તા.૮–૧૧–૧૧ ની અરજીમાં ગુમાસ્તા લાયસન્સ અંગેનું ફોર્મ–એ ભરીને રજૂ કરવામાં આવેલ. જે અંગે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૫૮ તા.૧૨–૧૧–૧૧ થી જરૂરી કાર્યવાહી માટે મોકલવામાં આવેલ. તેમજ અરજદારને અપીલની નારાજગી અંગે પત્ર પાઠવવામાં આવેલ. તકરાર નિવારણ માટે સ્પષ્ટતા કરવા જણાવવામાં આવેલ. પરંતુ અરજદારે પૂરક વિગતોમાં નારાજગીની જગ્યાએ તેમને તકરારને લગતા મુદ્દાઓની રજૂઆત કરેલ છે. જેમાં અરજદારે કોઈ પણ જાતની સ્થળ ચકાસણી કે પુરાવાઓ વગર ખોટી રીતે ગુમાસ્તાધારા લાયસન્સ નં.સી.ઝેડ/એસ/૩/૫૯૫૮ ઈસ્યુ થયેલ છે જે સદંતર કાયદાથી વિરુધ્ધ છે. ખોટા ઈસમો સુરત મહાનગરપાલિકાના સાહેબોને ગેરમાર્ગે દોરી અથવા મેળાપીપણામાં ગુમાસ્તાધારા લાયસન્સ ઈસ્યુ કરાવી મિલ્કતમાં ગેરકાયદેસર રીતે ઘુસણ ખોરી કરેલ છે. ૩/૨૩૮૦ ની મિલ્કતમાં આકારણી વિભાગના રેકર્ડ મુજબ તા.૧–૪–૮૨ થી મહેશ કેમીકલ એન્ડ કાં. નું નામ ટેનામેન્ટ નં.૦૩બી–૧૩–૦૬૮૧–૦–૦૦૨ માં ચાલી આવેલ છે. જયારે આજ મિલ્કતમાં પાછળથી કોઈ પણ જાતના પુરાવા વગર માત્ર ફોર્મ–એના આધારે ગુમાસ્તાધારા લાયસન્સ શ્રીજી કેમીકલ્સ એન પ્રોવિઝન સ્ટોર્સને ઈસ્યુ કરવામાં આવેલ છે જે સદંતર ખોટી રીતે એસએમસીને ગેરમાર્ગે દોરીને લેવામાં આવેલ છે. ભાડા કરાર અને મિલ્કત વેરામાં નામ ન હોય એવી વ્યકિતને ગુમાસ્તાધારા લાયસન્સ કઈ રીતે કયા આધારે ઈસ્યુ કરેલ છે તેનો સ્પષ્ટ ફોડ એસએમસી ધ્વારા નથી કરાતો. કિયોસ્ક ઉપર જોતાં માલમ પડે છે કે સદર ગુમાસ્તાધારા લાયસન્સ સીઝેડ/એસ/૩/૫૮૫૯ માં કોઈ જ ટેના નં.દર્શાવતો નથી તો કઈ રીતે આવુ ગુમાસ્તાધારા લાયસન્સ વેલીડ કહેવાય. અમોએ નમુનો–એ ભરીને એસએમસીમાં દુકાન ખોલવા માટે ગુમાસ્તાધારા માંગેલ છે તે આપવા વિનંતી. નામદાર દારૂવાળા સાહેબશ્રીના જણાવ્યા મુજબ નં.સી.ઝેડ/એસ/૩/૫૯૫૮ નંબરનું ગુમાસ્તાધારા ફકત ફોર્મ–એ ના આધારે આપવામાં આવેલ છે. જો તેઓને ફકત ફોર્મ–એ ના આધારે ગુમાસ્તાધારા લાયસન્સ મળી જતું હોય તો અમોને પણ એસએમસીમાં દુકાન ખોલવા દેવા માટે ગુમાસ્તાધારા લાયસન્સ આપશો. નો તમે મંજુરી નથી આપતા તો પછી નં.સી.ઝેડ/એસ/૩/૫૯૫૮ નંબરનું લાયસન્સ પણ રદ કરો. આવી બેધારી નીતી અને કાયદા વિરુધ્ધ ના કામો સત્વરે બંધ થાય એવી આશા સાથે. આમ અરજદારની રજૂઆત ખોટી ઘુસણખોરી અને ગુમાસ્તા લાયસન્સનું રીન્યુ બાબતેની તકરારને લગતું છે.

અરજદારે અપીલ સાથે રજૂ કરેલ પુરાવામાં ૦૩બી–૧૩–૦૬૮૧–૦–૦૦૨ કલાવતીબેન ધનસુખભાઈ જરીવાલા ની માલિકીની નોંધ નં.૨૩૮૦ ની દુકાન ના ઓકયુપાયર મહેશ કેમીકલ એન્ડ કાં. સને ૨૦૦૯–૧૦ ના પાર્ટી સ્ટેટસમાં દર્શાવેલ છે. તેમને સને ૨૦૧૧–૧૨ માં વર્ષના બીલમાં માલીક તરીકે પંકજ જયંતિલાલ ગાંધી ૦૩બી–૧૩–૦૬૮૧–૦–૦૦૧ અને તેના ઓકયુપાયર સેલ્ફ છે. જયારે ૦૩બી–૧૩–૦૬૮૧–૦–૦૦૨ જેના માલીક પંકજ જયંતિલાલ ગાંધી છે અને તેના ભાડુત મહેશ કેમીકલ એન્ડ કાં. આકારણી દફતરે નોંધાયેલ છે. આથી કલાવતી ધનસુખભાઈનો ભાડુત માલિકી હક ફેરફાર થયેલ છે અને મજકુર મહેશ કેમીકલ એન્ડ કાં. માલિકી ફેરફાર સાથે આકારણી દફતરે ભાડુત તરીકે સને ૨૦૧૧–૧૨ માં પણ ચાલુ રહેલ છે. વધુમાં તેમને તા.૪–૧૧–૧૧ ની અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારીએ એઆરડી/૧૦૫ તા.૨૬–૧૧–૧૧ થી આપેલી માહિતીમાં પણ સદર મિલ્કતમાં મહેશ કેમીકલ એન્ડ કાં. તા.૧–૪–૮૨ થી આકારણી દફતરે દાખલ છે તેવું પણ જણાવેલ છે. જે આજ પર્યન્ત એસેસમેન્ટ દફતરે ચાલુ છે. વધુમાં અરજદારે તેમની તા. ૧૧–૩–૧૧ ની અરજી સંદર્ભે માંગેલ ગુમાસ્તા લાયસન્સ અંગેની વિગતો અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી સીઝેડ / એસએન્ડઈ /આ.નં.૪૬૯ તા.૧૯–૩–૧૧ થી જણાવેલ લાયસન્સ વિગતોમાં સદર ઘર નંબર ખાતે શ્રીજી કેમીકલ્સ એન્ડ પ્રોવિઝન સ્ટોર્સ સીઝેડ/એસ/૩/૫૯૫૮ જેમાં નોંધણી તા.૨૬–૧૧–૧૯૮૭ એ થયેલ છે અને જેનું રીન્યું ૩૧–૧૨–૧૩ સુધી થયેલ જણાય છે. આમ અરજદારને તેમની મિલ્કત બાબતે આકારણી અને ગુમાસ્તા દફતરેની વિગતો જણાવેલ છે. અરજદારે અત્રે અપીલ તબકકે તેમની તા.૧૨–૧૦–૧૧ ની મુળ અરજીમાં જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને સદર ઈસમને કોઈ પણ જાતનો પરવાનો સુરત મહાનગપાલિકા તરફથી ન આપવામાં આવે તેવું વિધાન કરેલ છે તો આ અંગે મહાનગરપાલિકા તરફથી શું કાર્યવાહી થઈ તેવું જણાવેલ જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી આવી કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હોવાનું રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. આમ અરજદારને માંગવામાં આવેલી દફતરી ઉપલબ્ધ માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. અરજદારની તકરાર નિવારણને લગતી ફરીયાદ બાબતે લાગત સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે છે. વધુમાં ગુમાસ્તા નોંધણીની જોગવાઈ મુંબઈ દુકાન અને સંસ્થાના કાયદા હેઠળ સંદર્ભ કરવા અરજદાર સ્વતંત્ર છે. કાયદો જાહેર દસ્તાવેજ હોઈ અરજદાર તે સંદર્ભ કરી શકે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૧૦–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.  વધુમાં અરજદારે અપીલમાં જણાવેલ તકરાર નિવારણને  લગતી ફરીયાદ બાબતે લાગત સક્ષમ સત્તાને  અલાયદી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(એસ.એન. મહેતા)<br>
ડે.કમિશ્નર (ફા.)<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ :      –૧૨–૧૧

પ્રતિ,<br>
(૧)  ઝોનલચીફ અને જાહેર માહિતી  અધિકારી (સેન્ટ્રલઝોન)  ....જાણ તથા અમલ માટે<br>
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,